Please check the examination details below before entering your candidate information

| Candidate surname | Other names |
|---|---|
| | |

Centre Number | Candidate Number

# Pearson Edexcel Level 1/Level 2 GCSE (9–1)

**Tuesday 6 June 2023**

Morning (Time: 1 hour 5 minutes) | **Paper reference** | **1GU0/3H**

# Gujarati

## PAPER 3: Reading and understanding in Gujarati

## Higher tier

**You do not need any other materials.**

Total Marks

## Instructions

- Use **black** ink or ball-point pen.
- **Fill in the boxes** at the top of this page with your name, centre number and candidate number.
- Answer **all** questions in sections A, B and C.
- Questions in Section A and C are set in English.
- Questions in Section B are set in Gujarati.
- Answer the questions in the spaces provided – *there may be more space than you need.*
- You must **not** use a dictionary.

## Information

- The total mark for this paper is 50.
- The marks for **each** question are shown in brackets
  – *use this as a guide as to how much time to spend on each question.*
  – *you should spend approximately 15 minutes on the translation question.*

## Advice

- Read each question carefully before you start to answer it.
- Try to answer every question.
- Check your answers if you have time at the end.

*Turn over* ▶


©2023 Pearson Education Ltd.
N:1/1/1/1/1/1/1

P 7 2 6 4 6 R A 0 1 2 0

Pearson

## SECTION A

**Answer ALL questions. Write your answers in the spaces provided.**

**Some questions must be answered with a cross in a box ☒. If you change your mind about an answer, put a line through the box ☒ and then mark your new answer with a cross ☒.**

**Mansi's childhood**

**1** Read Mansi's diary page when she was young.

બાળપણમાં હું વિમાન પરિચારિકા બનીને આકાશમાં ઉડવાનાં સપનાં જોતી હતી. હું ખૂબ બોલકી અને તોફાની હોવાથી વર્ગમાં હમેશાં મારે પાછળ બેસવું પડતું. એક દિવસ શિક્ષકની નકલ કરતાં પકડાઈ અને માતાપિતાને તેની જાણ થઈ ત્યારે લાંબું ભાષણ સાંભળવું પડ્યું હતું.

અમારા આચાર્ય શ્રીકાન્ત સાહેબ વિદ્યાર્થીઓ સાથે બીજા શિક્ષકો કરતાં વધુ કડક હતા. તેઓ ગણિત શીખવવાના હતા. મને મનમાં બીક હતી કે હવે મારે રોજ તેમનો સામનો કરવો પડશે પરંતુ, ધીરે ધીરે એ ભય પણ દૂર થઈ ગયો. તેમની ભણાવવાની રીત એટલી મજેદાર હતી કે હું ક્યારેય તેમના વર્ગોમાં જવાનું ચૂકતી જ નહીં.

Answer the following questions **in English**. You do not need to write in full sentences.

(a) What was Mansi's wish when she was young?

**(1)**

........................................................................................................................................

(b) Why were Mansi's parents upset?

**(1)**

........................................................................................................................................

(c) Why was Mansi initially afraid of attending mathematics class?

**(1)**

........................................................................................................................................

**(Total for Question 1 = 3 marks)**



P 7 2 6 4 6 R A 0 2 2 0

DO NOT WRITE IN THIS AREA DO NOT WRITE IN THIS AREA DO NOT WRITE IN THIS AREA

DO NOT WRITE IN THIS AREA DO NOT WRITE IN THIS AREA DO NOT WRITE IN THIS AREA

DO NOT WRITE IN THIS AREA DO NOT WRITE IN THIS AREA DO NOT WRITE IN THIS AREA

**Charitable organisation**

**2** Read a passage published from a book about a charitable organisation in Gujarat.

> *ઉમંગ* નામની સંસ્થા* સામાજિક કાર્યો જેવાં કે વૃદ્ધોની સંભાળ, સ્ત્રીઓના સ્વાસ્થ્ય વગેરે માટે જાણીતી છે. ગરીબ બાળકોનાં શિક્ષણ માટેની નવી ઝુંબેશ હેઠળ* તેઓએ એક પ્રોજેક્ટ તૈયાર કર્યો છે. જેમાં દરેક બાળકને એક મોબાઇલ ફોન આપવાનું નક્કી કર્યું છે. એના દ્વારા તેઓ એકબીજાને સંદેશા તેમજ ચિત્રો મોકલીને સહેલાઈથી વાતચીત કરતાં કરતાં પોતાના અભ્યાસ પ્રત્યે પ્રોત્સાહિત બની શકશે.
>
> આ સિવાય શાળાનાં પાઠ્ય-પુસ્તકો, ગણવેશ, ભોજન વગેરે માટે સેવકો ફાળો એકઠો કરે છે જેથી, સર્વેને શિક્ષણ મળી રહે. ફાળો એકત્રિત કરવા માટે આતંરરાષ્ટ્રીય સ્તરે સંગીતના તેમજ બીજા વિવિધ કાર્યક્રમો ગોઠવવામાં આવે છે. તેના માટે એવા સ્વયંસેવકોની મદદ લેવામાં આવે છે જેઓને સમાજની સેવા કરવામા રસ હોય.

**Glossary**

સંસ્થા: organisation

હેઠળ: under

Answer the following questions **in English**. You do not need to write in full sentences.

(a) What is this organisation known for?

**(1)**

..............................................................................................................................................

(b) What was the thinking behind the new campaign for poor children?

**(1)**

..............................................................................................................................................

(c) How does the organisation raise money to help people?

**(1)**

..............................................................................................................................................

(d) How does volunteering for such campaigns and events bring about social reform?

**(1)**

..............................................................................................................................................

**(Total for Question 2 = 4 marks)**

## Hobby

**3** Read the conversation between students on an internet platform.

| | |
|---|---|
| સમીર | મને નિશાળનાં સામયિકમાં વાર્તાઓ લખવાનો ઘણો શોખ હતો. એક દિવસ મને દૈનિક* છાપાંમાં લેખ લખવાનો મોકો મળ્યો. વાચકોએ મારા લખાણનાં વખાણ કર્યાં ત્યારે મને ખ્યાલ આવ્યો કે મારામાં લખવાની આવડત છે. હવે આ શોખને હું વ્યવસાયમાં ફેરવીશ. |
| આર્યા | મીણ ઓગાળીને જુદા જુદા આકારની સુગંધિત* મીણબત્તીઓ બનાવવામાં હું કલાકો વિતાવતી. તેના પર સુંદર શણગાર કરું ત્યારે હર્ષની લાગણી થાય. તે બનાવવાની હરીફાઈઓ જીતીને મને ઉત્તેજન મળતું. તહેવારોમાં ઘર જ્યારે તેનાથી પ્રકાશિત હોય ત્યારે ચારેબાજુ એવી મહેક* પ્રસરી જાય! |
| અભય | ફેંકી દેવાનાં પૂંઠાં* અને કાગળનો સંગ્રહ કરીને જન્મદિવસનાં કાર્ડ તેમજ ભેટો આપવા માટે જાતજાતની કોથળીઓ બનાવવાનો હું આનંદ લેતો. આજુબાજુનાં લોકો આની ખરીદી કરીને મને પ્રોત્સાહિત કરતા અને ખિસ્સાખર્ચ માટે મને પૂરતી કમાણી થતી. |

**Glossary**

દૈનિક: daily

સુગંધિત: scented

મહેક: fragrance

પૂંઠાં: cardboard

Answer the following questions **in English**. You do not need to write in full sentences.

(a) What did Sameer realise after writing an article?

**(1)**

..................................................................................................................................................

(b) What was so pleasing for Arya in candle making?

**(1)**

..................................................................................................................................................

(c) How did Abhay's hobby help him financially?

**(1)**

..................................................................................................................................................

DO NOT WRITE IN THIS AREA



P 7 2 6 4 6 R A 0 4 2 0

(d) How will Sameer develop his interest further?

**(1)**

........................................................................................................................................................................................................

(e) How did Arya make festivals more special?

**(1)**

........................................................................................................................................................................................................

**(Total for Question 3 = 5 marks)**

DO NOT WRITE IN THIS AREA DO NOT WRITE IN THIS AREA DO NOT WRITE IN THIS AREA

## Travel

**4** Read the extract below from a literary text about travel to India. Suraj talks about his problems and getting help.

હું મારા માસીની દીકરીના લગ્ન માટે ગુજરાતના આણંદ શહેરમાં ગયો હતો તે મુસાફરી ક્યારેય નહીં ભૂલાય! પહેલાં તો આણંદ પહોંચવા માટે અમદાવાદની ઉડાણ રદ થઈ. જેમ તેમ કરીને લંડનથી મુંબઈ જતાં હવાઈજહાજમાં મને જગ્યા મળી પણ ખરાબ હવામાનના કારણે વિમાન મોડું ઉપડ્યું.

મુંબઈનાં હવાઈમથકે ઊતર્યો પરંતુ મારી પેટીઓ આવી ન હતી. તેમાં મોંઘી ભેટો હોવાથી મારી ચિંતા વધી ગઈ. હું ગભરાઈને તરત જ પૂછપરછ વિભાગમાં તપાસ કરવા દોડ્યો, તો જાણવા મળ્યું કે સામાન બીજા વિમાનમાં આવશે. નિરાશ થઈને મેં મારો મોબાઇલ નંબર અને સરનામું તે વિભાગના અધિકારીને આપ્યાં.

કંટાળીને બહાર નીકળ્યો પણ કોઈ ટેક્સી ન દેખાઈ. સદ્દભાગ્યે મારી સાથે હવાઈ મુસાફરી કરનાર એક ભાઈએ તેમની ગાડીમાં મને સીધો આણંદ પહોંચાડ્યો.

મારે ભેટો અને નવાં કપડાં ખરીદવાં પડ્યાં. મેં બધું ભૂલીને લગ્નની ખૂબ મજા માણી. લંડન પાછો આવ્યો ત્યારે મારી બેગો મને ખોવાયેલી વસ્તુઓની કચેરીમાંથી મળી ગઈ.

Put a cross ☒ in the correct box.

**Example:** Suraj's cousin was getting ….

| | |
|---|---|
| ☒ | **A** married. |
| ☐ | **B** promoted. |
| ☐ | **C** engaged. |
| ☐ | **D** transferred. |

(i) Suraj's priority was to get the luggage ….

**(1)**

| | |
|---|---|
| ☐ | **A** packed. |
| ☐ | **B** insured. |
| ☐ | **C** delivered. |
| ☐ | **D** checked. |





DO NOT WRITE IN THIS AREA DO NOT WRITE IN THIS AREA DO NOT WRITE IN THIS AREA

(ii) Suraj's journey was affected because of ….

**(1)**

| | | |
|---|---|---|
| ☒ | **A** | extra luggage. |
| ☒ | **B** | flight diversion. |
| ☒ | **C** | lost tickets. |
| ☒ | **D** | flight cancellation. |

(iii) The flight schedule was changed due to ….

**(1)**

| | | |
|---|---|---|
| ☒ | **A** | adverse weather. |
| ☒ | **B** | over booking. |
| ☒ | **C** | lost luggage. |
| ☒ | **D** | passenger queues. |

(iv) Generosity of a …. helped Suraj to reach his destination.

**(1)**

| | | |
|---|---|---|
| ☒ | **A** | porter |
| ☒ | **B** | taxi driver |
| ☒ | **C** | gentleman |
| ☒ | **D** | lost property officer |

(v) …. made Suraj's travel experience memorable.

**(1)**

| | | |
|---|---|---|
| ☒ | **A** | Very friendly staff |
| ☒ | **B** | A difficult journey |
| ☒ | **C** | Excellent airport services |
| ☒ | **D** | A relaxing journey |

**(Total for Question 4 = 5 marks)**

DO NOT WRITE IN THIS AREA DO NOT WRITE IN THIS AREA DO NOT WRITE IN THIS AREA DO NOT WRITE IN THIS AREA DO NOT WRITE IN THIS AREA DO NOT WRITE IN THIS AREA

## Rules and pressures at school

**5** Read this online article, where students talk about school rules.

| | |
|---|---|
| પૂનિત | શાળાના નિયમો આપણી શિસ્ત* અને સારા માર્ગદર્શન માટે છે. અમારી શાળામાં શિક્ષકો વાર્ષિક પરીક્ષાઓમાં હમેશાં સારા પરિણામોનો આગ્રહ રાખે. દરેક વિષયનું પુનરાવર્તન કરવાની ચિંતાથી અમે સૌ તણાવમાં* આવી જઈએ. સર્વોચ્ચ ગુણ મેળવવા માટે રાત્રે મહેનત કરીને સતત વાંચન કરવાનું. આવા દબાણનાં કારણે માનસિક થાક લાગે ત્યારે એમ થાય કે પરીક્ષા હોવી જ ન જોઈએ! |
| શ્યામા | નિશાળમાં દરરોજ પ્રચલિત ઢબનાં કપડાં પહેરવાનાં હોય તો કેટલી મજા પડે! એક સરખાં કપડાં પહેરવાની ઝંઝટમાંથી* મુક્તિ* મળે અને મારા કબાટમાં ગોઠવેલાં નવાં નવાં કપડાં પહેરવાનો મને મોકો મળે. |
| પૂર્વા | દરરોજ એવાં કપડાં પહેરવાનાં દરેકને પોસાય નહીં અને દેખાદેખીને લીધે ભણવામાં આપણું ધ્યાન પણ ન રહે. નિયમો અનુસાર અમારા માટે દરેક રમતગમત ફરજિયાત હોય એટલે દરરોજ દફતર સાથે તેના પહેરવેશનો ભારે થેલો ઊંચકીને હાથ દુ:ખી જાય. જો આપણને મનગમતી રમતો માટે વિકલ્પ મળે તો કેવું સારું! |
| આનંદ | અમારી ગુજરાતી શાળામાં કોઈપણ કાર્યક્રમમાં અમારે નૃત્ય કરવું હોય તો પરંપરાગત ગીત જ પસંદ કરવાનું એવો કડક નિયમ. હું ક્યારેક ઉદાસ થઈ જાઉં પણ આપણી સંસ્કૃતિ અને ભાષાને જાળવવા તેનું પાલન* કરવું જરૂરી તો ખરું જ. |

**Glossary**

શિસ્ત: discipline

તણાવમાં: under stress

ઝંઝટમાંથી: from the hassle

મુક્તિ: relief

પાલન: obey

Who says what? Choose the correct answer from **Punit, Shyama, Purva** and **Anand**

(a) ............................................................ follows fashionable trends. **(1)**

(b) ............................................................ becomes sad but likes to maintain culture. **(1)**

(c) ............................................................ prefers to have options to play games. **(1)**

(d) ............................................................ agrees that school rules are for our own good. **(1)**



P 7 2 6 4 6 R A 0 8 2 0

DO NOT WRITE IN THIS AREA DO NOT WRITE IN THIS AREA DO NOT WRITE IN THIS AREA

DO NOT WRITE IN THIS AREA DO NOT WRITE IN THIS AREA DO NOT WRITE IN THIS AREA
DO NOT WRITE IN THIS AREA DO NOT WRITE IN THIS AREA DO NOT WRITE IN THIS AREA

Answer the following questions **in English**.

(e) According to Punit what can cause mental stress?

**(1)**

..............................................................................................................................................

(f) How wearing fashionable clothes can distract students?

**(1)**

..............................................................................................................................................

**(Total for Question 5 = 6 marks)**

## School trip

**6** Read the article about Nandan's school trip to a dairy in Anand city.

અમારી શાળાએ ખેડા જિલ્લાના આણંદની *અમુલ* ડેરી જોવાનો એક દિવસનો પ્રવાસ ગોઠવ્યો હતો.

સૌ પ્રથમ ત્યાંના સંગ્રહાલયના ચિત્રપ્રદર્શનમાં ડેરીનો રસપ્રદ ઇતિહાસ જોયો તો જાણવા મળ્યું કે પહેલાં આસપાસના વિસ્તારમાંથી આવતું દૂધ મુંબઈ મોકલવામાં આવતું. ધીમે ધીમે ભાવના વધારા પછી શહેરના વેપારીઓને વધુ ફાયદો થતો પણ ભરવાડોને* નુકસાન થતું. આથી, તેઓના લાભ માટે ૧૯૪૬માં આ દૂધઘરનો જન્મ થયો હતો.

ડેરીની સ્થાપનાનો ઇતિહાસ જાણ્યા પછી કારખાનાની મુલાકાતે ગયાં. પાસેનાં ગામડાઓમાંથી અહીં દૂધ આવે અને મશીનમાં રેડાય. ચરબીની ટકાવારી પ્રમાણે તેને અલગ પાડવામાં આવે. હવા અંદર ન જાય તેવી રીતે તેના પડીકાં તૈયાર થાય. બાકીનું દૂધ ઉચ્ચ તાપમાને ગરમ થયા પછી તેમાંથી મલાઈ, પનીર, માખણ, ઘી, દહીં વગેરે બને. સંખ્યાબંધ મશીનો ચોવીસે કલાક ચાલું રહે. હજારો કર્મચારીઓ ઉત્પાદનની દેખભાળ, તાપમાનનું નિયંત્રણ તેમજ સ્વચ્છતાનું ધ્યાન રાખે.

દૂધની સૂકવણીમાંથી બનતો પાવડર જોઈને હું આશ્ચર્ય પામ્યો. વિશ્વના ઘણા દેશોમાં ગાયનાં દૂધમાંથી પાવડર બનતો પણ ભેંસનાં દૂધમાંથી પાવડર બનાવવાનું કામ સૌ પ્રથમ *અમુલે* કર્યું. તેની સફેદ ક્રાંતિએ* ભારતને દુગ્ધ* ઉત્પાદનમાં આત્મનિર્ભર રાષ્ટ્ર બનાવ્યું, તેમજ પ્રાથમિક ક્ષેત્રે રોજગારી વધારી.

*અમુલ*નો આઇસક્રીમ ભારતનાં લોકોને બહુ પસંદ છે અને તેનો પ્રોટીન પાવડર રમતવીરોમાં ખૂબ લોકપ્રિય છે. દૂધની આ બનાવટો ઘણા પાડોશી દેશોમાં ઉપલબ્ધ છે.

**Glossary**

ભરવાડોને: to the shepherds

ક્રાંતિએ: revolution

દુગ્ધ: milk

DO NOT WRITE IN THIS AREA
DO NOT WRITE IN THIS AREA
DO NOT WRITE IN THIS AREA
DO NOT WRITE IN THIS AREA
DO NOT WRITE IN THIS AREA
DO NOT WRITE IN THIS AREA



P72646RA01020

(i) What does the article tell us?

**(3)**

Put a cross ☒ next to the **three** correct sentences.

| | |
|---|---|
| ☒ | **Example:** A day trip was arranged by the school. |
| ☐ | **A** The factory created many jobs around Anand. |
| ☐ | **B** All the machines are switched off after twenty-four hours. |
| ☐ | **C** Students learnt about processing milk. |
| ☐ | **D** *Amul* dairy's milk supply came from Mumbai. |
| ☐ | **E** Museum had lots of models of the factory. |
| ☐ | **F** All the production work in the dairy is carried out by the workers. |
| ☐ | **G** *Amul* sells milk in vaccum sealed packets. |

Answer the following questions **in English**.

(ii) How has the *Amul* Dairy contributed to Indian economy? Give **two** details.

**(2)**

..............................................................................................................................................................

..............................................................................................................................................................

**(Total for Question 6 = 5 marks)**

**TOTAL FOR SECTION A = 28 MARKS**

DO NOT WRITE IN THIS AREA

## SECTION B

### કામ

**7** કામ વિશે કેસરનો બ્લોગ વાંચો.

હું રેલવે સ્ટેશનમાં ફૂલોની દુકાનમાં કામ કરું છું. સવારે ચાર વાગે ફૂલ બજારમાં તાજાં રંગબેરંગી ફૂલ જોઈને ખરીદી કરવા માટે ગાંડી બની જાઉં.

દુકાનમાં ફૂલોના ગુચ્છા અને હારની ગોઠવણી કરવામાં રંગોની હું ખાસ સાવચેતી રાખું. છોડનાં ફૂંડાં* ગોઠવું તેમજ ફૂલદાનીમાં* સૂકાં ફૂલોની સજાવટ કરું. ઉત્સવના દિવસોમાં મોડે સુધી દુકાનમાં લોકોની અવરજવર રહે. ઘરાકોને તેમની પસંદગી મુજબ ખરીદી કરવામાં મદદ કરીને મને ઘણો સંતોષ મળે.

મેં અમારી દુકાન માટે એક વૅબસાઇટ તૈયાર કરી. ત્યારબાદ વેચાણ વધતાં અમે દેશભરમાં ફૂલોની દુકાનો ખોલી. મારા શેઠે ખુશ થઈને મને ખરીદ-વેચાણની મૅનેજર બનાવી. આ મારી આશ્ચર્યજનક સફળતા હતી.

**Glossary**

ફૂંડાં: pots

ફૂલદાનીમાં: in a flower vase

સાચાં ખાનામાં ☒ કરો.

**ઉદાહરણ:** કેસરની ફૂલની દુકાન સ્ટેશનની ... છે.

| | |
|---|---|
| ☐ | **A** પાછળ |
| ☒ | **B** અંદર |
| ☐ | **C** સામે |
| ☐ | **D** બાજુમાં |

(i) દરરોજ ફૂલોને ... માટે કેસરને કામે વહેલું જવાનું હોય.

**(1)**

| | |
|---|---|
| ☐ | **A** વેચવા |
| ☐ | **B** પહોંચાડવા |
| ☐ | **C** ખરીદવા |
| ☐ | **D** સૂકવવા |

DO NOT WRITE IN THIS AREA DO NOT WRITE IN THIS AREA DO NOT WRITE IN THIS AREA DO NOT WRITE IN THIS AREA DO NOT WRITE IN THIS AREA DO NOT WRITE IN THIS AREA

(ii) ગુચ્છા બનાવવા માટે કેસર ... નું ખાસ ધ્યાન રાખતી.

**(1)**

| | |
|---|---|
| ☒ | **A** ફૂલોની ગોઠવણી |
| ☒ | **B** ફૂલોના પ્રકાર |
| ☒ | **C** ફૂલોની પાંખડીઓ |
| ☒ | **D** ફૂલોના રંગ |

(iii) કેસરનું વ્યક્તિત્વ ... હતું

**(1)**

| | |
|---|---|
| ☒ | **A** મૈત્રીભાવવાળું |
| ☒ | **B** કડક |
| ☒ | **C** નિર્દોષતાભર્યું |
| ☒ | **D** નરમ |

(iv) ... ફૂલની દુકાનમાં વધુ ઘરાકી રહેતી.

**(1)**

| | |
|---|---|
| ☒ | **A** સવારના |
| ☒ | **B** તહેવારોમાં |
| ☒ | **C** ઉનાળામાં |
| ☒ | **D** બજારમાં |

(v) કેસરની આવડતને લીધે તેને ...

**(1)**

| | |
|---|---|
| ☒ | **A** ફૂલો મળ્યાં. |
| ☒ | **B** મિત્રો મળ્યા. |
| ☒ | **C** રજા મળી. |
| ☒ | **D** માન મળ્યું. |

**(Total for Question 7 = 5 marks)**

DO NOT WRITE IN THIS AREA

## રમતગમત

**8** તમે ભારતની જુદી જુદી રમતો વિશે વાંચો છો.

| | |
|---|---|
| તીરંદાજી | બાણવિદ્યા અને તલવારોનો* ઉપયોગ યુદ્ધના મેદાનોમાં થતો. ભારતમાં યુવાનોને ધનુર્વિદ્યાના ખેલની તાલીમ રમતગમતનાં કેટલાક મંડળોમાં અપાય છે. તેઓને આ કળા દર્શાવવાની તક આપવા હરીફાઈઓ યોજાય છે. |
| ક્રિકેટ | ભારતમાં ક્રિકેટ દરેક ઉંમરના લોકોની પસંદગી છે. રસ્તાઓ ઉપર પણ બાળકો આ રમત રમતા જોવા મળે છે. જ્યારે બે ટુકડીઓ વચ્ચે સ્પર્ધા હોય ત્યારે રમત પ્રેમીઓ ખેલાડીઓને પ્રોત્સાહિત કરવા ક્રીડાંગણમાં જાય. |
| કુસ્તી | વર્ષોથી કુસ્તી માત્ર પુરુષો જ રમતા. જ્યારથી ભારતનાં ગીતાકુમારી ફોગટ કૉમનવેલ્થની રમતોમાં સુવર્ણચંદ્રક* જીત્યાં ત્યારથી દેશભરની બહેનો માટે કુસ્તીની સ્પર્ધાના દરવાજા ખુલી ગયા. |
| શેતરંજ | *મહાભારત*ની ધાર્મિક વાર્તામાં રમાયેલ ચોપાટ આજે શેતરંજ એટલે કે ચેસના નામે ઓળખાય છે. બે જણ વચ્ચે રમાતા આ ખેલે આજે રાષ્ટ્રીય અને આતંરરાષ્ટ્રીય સ્તરે લોકપ્રિયતા મેળવી છે. |

**Glossary**

તલવારોનો: of swords

સુવર્ણચંદ્રક: gold medal

તમે કેવી રમત જોવાનું પસંદ કરશો? **તીરંદાજી**, **ક્રિકેટ**, **કુસ્તી** અથવા **શેતરંજ**.
તમે એકથી વધારે વાર શબ્દોનો ઉપયોગ કરી કરી શકશો.

**ઉદાહરણ**: ભારતમાં ......તીરંદાજી...... ની રમત જોવાનો આનંદ લેવો.

(a) રમતવીરોને ઉત્તેજન આપવા માટે .................................................. જોવા જવું. **(1)**

(b) ઐતિહાસિક રમતમાં રસ ધરાવનારાઓને .................................................. જોવી ગમશે. **(1)**

(c) યુવાનોની કૌશલ્યની સ્પર્ધા જોવા માટે .................................................. ની રમત જોવી. **(1)**

DO NOT WRITE IN THIS AREA



P 7 2 6 4 6 R A 0 1 4 2 0

(d) સ્ત્રીઓની સફળતામાં ભાગ લેવા માટે .................................................................. ની રમત પસંદ કરવી.

**(1)**

(e) વિદેશ ગયા હોય ત્યારે ત્યાં .................................................................. જોવાનો આનંદ લેવો.

**(1)**

**(Total for Question 8 = 5 marks)**

DO NOT WRITE IN THIS AREA
DO NOT WRITE IN THIS AREA
DO NOT WRITE IN THIS AREA

## જોવાલાયક સ્થળો

**9** નીચેનું વેબ પેજ વાંચો.

*પાવાગઢ* પહાડની તળેટીમાં* આવેલું *ચાંપાનેર* ગુજરાતનું સાંસ્કૃતિક અને ધાર્મિક સ્થળ છે. અહીંનો ઐતિહાસિક કિલ્લો અને *મોતી* મસ્જિદ તેમજ આસપાસની વનરાજી*, પ્રવાસીઓ અને છબીકારો માટે લોકપ્રિય કેન્દ્ર છે.

*પાવાગઢ*ના *મહાકાળી*ના મંદિરે હજારો શ્રદ્ધાળુઓ બે હજાર પગથિયાં ચડી શિખર* ઉપર દર્શન કરવા આવે. ત્યાર પછી *દૂધિયા* તળાવની મુલાકાત લઈ ત્યાં આવેલી નાની બજાર અને નાસ્તા માટે ઉપાહારગૃહનો લાભ લે. આસો માસમાં નીચેના ચોકમાં આનંદપૂર્વક ગરબે રમે. અહીં રહેવા માટે નાની હોટેલો અને ગેસ્ટ હાઉસ છે. ઘણા સાહસિકો પણ આ પર્વતની મુલાકાત લેવા આવે છે.

*ચાંપાનેર*થી વીસ કિલોમીટરના અંતરે *જાંબુઘોડા* અભયારણ્ય* પણ જોવા જેવું છે. તે પહાડી વિસ્તારમાં આવેલું હોવાથી તેનું પ્રાકૃતિક સૌંદર્ય અનેરું છે. ઠંડીની મોસમમાં ધુમ્મસથી ઘેરાયેલા જંગલોમાં ફરવાની, છોડો અને વૃક્ષોને ઓળખવાની તેમજ કેટલાંય નવી જાતનાં રંગબેરંગી ફૂલો જોવાની મોજ લઈ શકાય. કળા કરતા મોરનાં પીંછાં* જોવાં એ એક અદ્દભુત અનુભવ છે. પક્ષીઓનો કલરવ જાણે મધુર સંગીત વાગતું હોય એવો આનંદ આપે. વનમાં ઘણાં જંગલી જાનવરો છે અને એકીસાથે દોડતાં હરણાંને* જોવાની તક ચૂકવા જેવી નથી. *કડા ડૅમ* અને *ટારગોલ ડૅમ* વન્યજીવોને પાણી પૂરું પાડે છે.

અહીંના *વનાંચલ* રિસોર્ટમાં રહેવાની આધુનિક સુવિધાઓ, શાકાહારી ભોજન અને મનોરંજનનો લાભ લેવા જેવો છે. આવા અદ્દભુત સાંસ્કૃતિક વારસાની* મુલાકાત જરૂર લેવી.

**Glossary**

તળેટી: in the foothills

વનરાજી: forestry

શિખર: peak

અભયારણ્ય: sanctuary

મોરનાં પીંછાં: peacock’s feathers

હરણાંને: the deer

વારસાની: of the heritage

DO NOT WRITE IN THIS AREA DO NOT WRITE IN THIS AREA DO NOT WRITE IN THIS AREA

DO NOT WRITE IN THIS AREA DO NOT WRITE IN THIS AREA DO NOT WRITE IN THIS AREA

નીચેના સવાલોનાં **ગુજરાતીમાં** જવાબ લખો. આખા વાક્યમાં જવાબ લખવાની જરૂર નથી.

(a) *ચાંપાનેર* શા માટે એક સાંસ્કૃતિક સ્થાન ગણાય છે? કોઈપણ **એક** વિગત આપો. **(1)**

........................................................................................................................................

(b) ટોચ પર સ્થાપિત *કાળકા* માતા પ્રત્યે પોતાની શ્રદ્ધા યાત્રાળુઓ કેવી રીતે દર્શાવે છે? **(1)**

........................................................................................................................................

(c) જાંબુઘોડામાં પ્રકૃતિની મજા લેવા કઈ ઋતુ શ્રેષ્ઠ છે? **(1)**

........................................................................................................................................

(d) પર્વતારોહકોને કઈ જગ્યાએ જવું વધારે ગમશે? **(1)**

........................................................................................................................................

(e) જંગલમાં સંગીતનો અનુભવ કઈ રીતે થાય છે? **(1)**

........................................................................................................................................

**(Total for Question 9 = 5 marks)**

**TOTAL FOR SECTION B = 15 MARKS**

DO NOT WRITE IN THIS AREA

## SECTION C

### Translation

**10** Translate this passage **into English**.

પાણી એ કુદરતી સંપત્તિની માનવજાતને મળેલી ભેટ છે. ગુજરાતનાં ગરીબ લોકોને પીવા માટે તે મેળવવા કેટલાય માઈલો ચાલીને જવું પડે છે. જેઓની પાસે ચોવીસે કલાક નળની સુવિધા છે તેઓ માટે આ તકલીફ સમજવી અઘરી છે. ઉનાળામાં નદીનાં પાણીનું સ્તર નીચું જવાથી ગંભીર સમસ્યાઓ ઊભી થતી હતી, પરંતુ હવે આધુનિક પંપોની સગવડથી જનતાને રાહત મળી છે.

**(Total for Question 10 = 7 marks)**

**TOTAL FOR SECTION C = 7 MARKS**
**TOTAL FOR PAPER = 50 MARKS**

DO NOT WRITE IN THIS AREA DO NOT WRITE IN THIS AREA DO NOT WRITE IN THIS AREA

**BLANK PAGE**

DO NOT WRITE IN THIS AREA DO NOT WRITE IN THIS AREA DO NOT WRITE IN THIS AREA DO NOT WRITE IN THIS AREA DO NOT WRITE IN THIS AREA DO NOT WRITE IN THIS AREA

**BLANK PAGE**

DO NOT WRITE IN THIS AREA
DO NOT WRITE IN THIS AREA
DO NOT WRITE IN THIS AREA